# બારડોલી પ્રદેશ કેળવણી મંડળ, સંચાલિત

બારડોલી પ્રદેશ કેળવણી મંડળ સંચાલિત ધી પાટીદાર જીન સાયન્સ કોલેજ, બારડોલીમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગર દ્વારા નીચે મુજબની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા એન.ઓ.સી આપવામાં આવેલ છે. જે અનુસંધાને મંડળ દ્વારા નિયત લાયકાત અને યોગ્યતા ધરાવતા ઉમેદવારો પાસેથી વેબસાઇટ પર મૂકવામાં આવેલ નિયત નમૂના મુજબની અરજીઓ જાહેરાત અખબારમાં પ્રસિધ્ધ થયેથી કોલેજના સરનામે દિન ૧૫માં સ્પીડ પોસ્ટથી મંગાવવામાં આવે છે.

| ક્રમ | કોલેજનું નામ અને સરનામું | જગ્યાનુ નામ | કેટેગરી | મંજૂર જગ્યા | લાયકાત | ઉ.શિ.કમિ.ની કચેરી,ગાંધીનગર એન.ઓ.સી. ક્રમાંક | કોલેજ વેબ સાઇટ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ધી પાટીદાર જીન સાયન્સ કોલેજ, સરદાર બાગ, સ્ટેશન રોડ,બારડોલી પિન કોડ:૩૯૪૬૦૧ | લેબ આસિસ્ટન્ટ | Open | ૧ | બાયોસાયન્સ/માઈક્રોબાયોલોજી વિષયમાં સ્નાતક | પત્ર ક્રમાંક/કવટ : ISC-3/વર્ગ- /3NOC-૨૦૯૪૮/ ૫૦ તા.૨૩/૦૯/૨૦૨૫ | www.pgscience.ac.in |
| ૨ | | | SEBC | ૧ | રસાયણશાસ્ત્ર વિષયમાં સ્નાતક | | |
| 3 | | ઇલેક્ટ્રીશીયન | Open | ૧ | ITI Certificate (Electrician) વાયરમેન ટ્રેડ અથવા ડિપ્લોમા ઇન ઇલેક્ટ્રીકલ એન્જીનરિંગ | | |
| ૪ | | પ્લાન્ટ કલેક્ટર | Open | ૧ | વનસ્પતિશાસ્ત્ર (Botany) વિષયમાં સ્નાતક | | |

ઉપરોક્ત જગ્યા માટે ઉમેદવારે કોલેજની વેબસાઇટ www.pgscience.ac.in પરથી અરજી પત્રક ડાઉનલોડ કરી અરજી પત્રક સાથે જરૂરી આધારોની પ્રમાણિત નકલો જોડી કોલેજના સરનામે અખબારમાં જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન ૧૫માં નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે.

(૧) ભરતી માટે વિગતવાર સૂચનાઓ કોલેજેની વેબસાઇટ પર સમયાંતરે મૂકવામાં આવશે, જેથી વેબસાઇટ અચૂક જોતાં રહેવું. ઉમેદવારે સૂચનાઓ ધ્યાનથી વાંચવી જરૂરી છે. ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, ઉંમર,જાતિ તેમજ અન્ય લાયકાતના અસલ પ્રમાણપત્રો પોતાની પાસે જ રાખવાના રહેશે.

(૨) અરજી કરતી વખતે ઉમેદવારે નીચે મુજબના પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલ જોડવાની રહેશે.

- ધોરણ ૧૦ની માર્કશીટ
- ધોરણ ૧૨ની માર્કશીટ
- સ્નાતક કક્ષાની માર્કશીટ
- સ્નાતક કક્ષાની ડિગ્રી સર્ટિફિકેટ
- ITIનું પ્રમાણપત્ર (ઇલેક્ટ્રીશીયનના ઉમેદવારો માટે)
- ITIની માર્કશીટ (ઇલેક્ટ્રીશીયનના ઉમેદવારો માટે)
- ડિપ્લોમા ઇન ઇલેક્ટ્રીકલ એન્જીનરિંગનું પ્રમાણપત્ર (ઇલેક્ટ્રીશીયનના ઉમેદવારો માટે)
- ડિપ્લોમા ઇન ઇલેક્ટ્રીકલ એન્જીનરિંગની માર્કશીટ (ઇલેક્ટ્રીશીયનના ઉમેદવારો માટે)
- શાળા છોડયાનું પ્રમાણપત્ર(Leaving Certificate)
- જાતિ અંગેનું પ્રમાણપત્ર (લાગુ પડતું હોય તો)

- નોન ક્રીમીલેયરનું પ્રમાણપત્ર (લાગુ પડતું હોય તો)
- કોમ્પ્યુટર કોર્સ અંગેનું પ્રમાણપત્ર
- અનુભવ અંગેનું પ્રમાણપત્ર
- આધાર કાર્ડની નકલ
- ૯ x ૪નું કવર(રૂ.૪૦ ટિકિટ સાથે)
- પરીક્ષા ફી માટે અરજી કરનાર ઉમેદવારે રૂ. ૫૦૦/-નો ડી.ડી (બિન-અનામત કક્ષામાં ઉમેદવાર માટે)
- પરીક્ષા ફી માટે અરજી કરનાર ઉમેદવારે રૂ.૪૦૦/- નો ડી.ડી (અનામત કક્ષામાં ઉમેદવાર માટે)

(૩) અરજી પત્રકમાં વિગત ભરતી વખતે અસલ પ્રમાણપત્રોને આધારે માહિતી ભરવાની રહેશે, અધૂરી અને ખોટી માહિતીને કારણે અરજી "રદ" કરવામાં આવશે. જેની દરેક ઉમેદવારોએ નોંધ લેવી.

(૪) અનામત વર્ગના ઉમેદવારો જો બિન અનામત વર્ગ માટે અરજી કરશે તો તેઓને બિન-અનામતના ધારા ધોરણ લાગુ પડશે.

**<u>૩. રાષ્ટ્રીયતા:</u>**

ઉમેદવાર ભારતીય નાગરિકતા ધરાવતો હોવો જોઇએ.

**<u>૪. (૧) વય મર્યાદા:</u>**

૧. ઉમેદવારની ઉમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખનાં રોજ ગણવામાં આવશે.

૨. લેબ આસિસ્ટન્ટ અને પ્લાન્ટ કલેકટરની અરજી કરનાર ઉમેદવારે અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ઉમેદવારની ઉમર ૨૦(વીસ)વર્ષ પૂર્ણ કરેલ હોવા જોઈએ અને ૩૫ (પાંત્રીસ) વર્ષથી વધુ ન હોવી જોઈએ.

૩. ઇલેક્ટ્રીશીયનની અરજી કરનાર ઉમેદવારે અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ઉમેદવારની ઉમર ૧૮(અઢાર)વર્ષ પૂર્ણ કરેલ હોવા જોઈએ અને ૩૫ (પાંત્રીસ) વર્ષથી વધુ ન હોવી જોઈએ.

**<u>૪. (૨) વય મર્યાદામાં છૂટછાટ:-</u>**

સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરુષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક, દિવ્યાંગ ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે. અનામત વર્ગના ઉમેદવારો જો બિન-અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છૂટછાટ મળશે નહીં.

| કેટેગરી | છૂટછાટ | મહત્તમ વયમર્યાદા |
|---|---|---|
| સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ | ------ |
| અનામત કેટેગરીના પુરુષ ઉમેદવારોને | ૫ વર્ષ | ------ |
| અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (૫+૫=૧૦) | ૧૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા પુરુષ ઉમેદવારોને | ૧૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા મહિલા ઉમેદવારોને (૧૦+૫=૧૫) | ૧૫ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| અનામત કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા મહિલા ઉમેદવારોને (૫+૧૦+૫=૨૦) | ૨૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| માજી સૈનિક ઉમેદવારોને | ------ | ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજના સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે. |

## ૫. શૈક્ષણિક લાયકાત:-

- **લેબ આસિસ્ટન્ટ - બાયોસાયન્સ/ માઈક્રોબાયોલોજી:-**

(૧) ઉમેદવાર ભારતમાં કેન્દ્રિય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અન્ય કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ-૧૯૫૬ની કલમ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ **બાયોસાયન્સ/ માઈક્રોબાયોલોજી** વિષયની સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈએ અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈએ.

(૨) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ.

(૩) ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાઓનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

- **લેબ આસિસ્ટન્ટ – રસાયણશાસ્ત્ર:-**

(૧) ઉમેદવાર ભારતમાં કેન્દ્રિય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અન્ય કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ-૧૯૫૬ની કલમ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ **રસાયણશાસ્ત્ર** વિષયની સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈએ અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈએ.

(૨) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ.

(૩) ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાઓનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

- **ઇલેક્ટ્રીશીયન:-**

(૧) ઉમેદવાર ભારતમાં કેન્દ્રિય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અન્ય કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી ITI(Certificate) ઇલેક્ટ્રિશિયન/વાયરમેન ટ્રેડ અથવા ડિપ્લોમા ઇન ઇલેક્ટ્રીકલ એન્જીનરિંગ પદવી ધરાવતો હોવો જોઈએ.

(૨) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ.

(૩) ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાઓનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

➢ **પ્લાન્ટ કલેકટર:-**

(૧) ઉમેદવાર ભારતમાં કેન્દ્રિય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અન્ય કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ-૧૯૫૬ની કલમ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ **વનસ્પતિશાસ્ત્ર(Botany)** વિષયની સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈએ અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈએ.

(૨) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ.

(૩) ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાઓનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

**૬. સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો :-**

(૧) મૂળ ગુજરાતનાં સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકના કેટેગરીના કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહીં હોય અને તેના જરૂરી પ્રમાણપત્ર સામેલ ન કરેલ હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામા આવશે નહીં.

(૩) અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમુનામાં મેળવેલ હોવું જોઈએ તથા અચૂક સામેલ કરવાનું રહેશે. જાતિ અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવામાં ઉમેદવાર નિષ્ફળ જશે તો ઉમેદવારી આપોઆપ “રદ” ગણવામાં આવશે.

(૪) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC)ના ઉમેદવારોએ નોન-ક્રીમીલેયર સર્ટિફિકેટની મહત્તમ અવધિ ઇશ્યૂ થયા વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે. પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યૂ થયેલ હોવું જોઈએ. તો જ આ પ્રમાણપત્ર માન્ય રાખવામા આવશે.

(૫) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC)ના ઉમેદવારો અરજી કરતી વખતે રજૂ કરેલ નોન-ક્રીમીલેયર સર્ટિફિકેટ મંડળ દ્વારા જણાવવામાં આવે ત્યારે રજૂ કરવાનું કરેશે અને જો પ્રમાણપત્રમાં ભૂલ હોય અને ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો આવું પ્રમાણપત્ર ધ્યાને લેવામાં આવશે નહીં.

**૭. કોમ્પ્યુટરની જાણકાર:-**

ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ ૧૮/૦૩/૨૦૧૬ના સરકારી ઠરાવ નંબર:- સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા જોઈએ. અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા/ડિગ્રી કે સર્ટિફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ ૧૦ અથવા ધોરણ ૧૨ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ તેમજ આ તબક્કે આવું પ્રમાણપત્ર ન

ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂક સતાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝિક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂક મેળવતા પહેલા અચૂક રજૂ કરવાનું રહેશે અથવા નિમણૂક મેળવવાને પાત્ર થશે નહીં. તેમજ નિમણૂક સતાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારની પસંદગી “રદ” કરશે.

**<u>૮. શૈક્ષણિક લાયકાત/વય મર્યાદા/વધારાની લાયકાત માટે નિર્ધારિત તારીખ :-</u>**

જાહેરાતમાં દર્શાવેલ તમામ સંવર્ગમાં શૈક્ષણિક લાયકાત,વયમર્યાદા, નોન-ક્રીમીલેયર સર્ટિફિકેટ અને અન્ય જરૂરી લાયકાત માટે અરજી સ્વીકારવાની છેલ્લી તારીખની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

**<u>૯. પગારધોરણ:-</u>**

નાણાં વિભાગના તા.૧૬-૦૨-૨૦૧૬ના તથા તા.૨૯-૦૪-૨૦૧૦ અને તા.૦૬-૧૦-૨૦૧૧,તા.૨૦-૧૦-૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-૩-૧ તેમજ તા.૨૦-૧૦-૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-(પાર્ટ-૨)-ઝ-૧ તથા છેલ્લે તા.૧૮-૧૦-૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૮૭-(પાર્ટ-૪)-ઝ-૧ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ. ૨૬,૦૦૦/-ના ફિક્સ પગારથી નિમણૂક આપશે. તેમજ નિમાયેલા ઉમેદવારની પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાએથી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગારધોરણમાં નિયમિત નિમણૂક મેળવવાને પાત્ર થશે.

**<u>૧૦. પરીક્ષા ફી:</u>**

પરીક્ષા ફી માટે અરજી કરનાર બિન અનામત કેટેગરીના ઉમેદવારે રૂપિયા ૫૦૦/-નો અને અનામત કેટેગરીના ઉમેદવારે રૂ. ૪૦૦/-નો નોન રિફંડેબલ ડિમાન્ડ ડ્રાફ્ટ THE PATIDAR GIN SCIENCE COLLGE ના નામનો આપવાનો રહેશે. પરીક્ષા ફી નહીં ભરનાર ઉમેદવારની અરજી માન્ય રહેશે નહીં તથા તે ઉમેદવારનું અરજી ફોર્મ કોઈપણ જાણ કર્યા વગર “રદ” કરી શકાશે.

**<u>૧૧. પરીક્ષા પદ્ધતિ:- (લેબ આસિસ્ટન્ટ, ઇલેક્ટ્રીશીયન, પ્લાન્ટ કલેક્ટર)</u>**

રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮-૧૧-૨૦૨૩ના ઠરાવ ક્રમાંક:ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક થી સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે ઠરાવેલ પરીક્ષા પધ્ધતિ અનુસાર પરીક્ષા એક તબક્કામાં MCQ પધ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા લેવામાં આવશે. આ જગ્યા માટે અરજી કરનાર ઉમેદવારોની સંખ્યાના આધારે એક સેશન અથવા મલ્ટી સેશનમાં લેવામાં આવશે. મલ્ટી સેશનમાં પરીક્ષા યોજવાના સંજોગોમાં યોગ્ય સ્કેલીંગ પધ્ધતિથી મૂલ્યાંકન કરવામાં આવશે. પરીક્ષા Part-A અને Part-B એમ બે ભાગમાં લેવામાં આવશે.(પ્રશ્નપત્રનું લેવલ શૈક્ષણિક લાયકાતને સમકક્ષ રહેશે.)

**<u>Part-A</u>**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | તાર્કિક કસોટીઓ તથા Data Interpretation | ૩૦ |
| ૨ | ગાણિતિક કસોટીઓ | ૩૦ |
| | કુલ ગુણ | ૬૦ |

**Part-B**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | બંધારણ, વર્તમાન પ્રવાહો, અંગ્રેજી અને ગુજરાતી કોમ્પ્રેહેન્સન | ૩૦ |
| ૨ | સંબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો | ૧૨૦ |
| | કુલ ગુણ | ૧૫૦ |

નોંધ: અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલ શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.

(૧) Part-A માં કુલ ૬૦ પ્રશ્નો અને Part-B માં કુલ ૧૫૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પુછવામાં આવશે. Part-A અને Part-B બંને માટે સંયુક્ત રીતે કુલ ૩ કલાક(૧૮૦ મિનિટ)નો સમય મળવાપાત્ર રહેશે.

(૨) Part-A તથા Part-B નું સ્વતંત્ર(અલાયદું) Qualifying Slandered રહેશે.

(૩) સ્પર્ધાત્મક પરિક્ષાના Part-A માટે ન્યૂનતમ ગુણવત્તા ધોરણ ૪૦% અને Part-B માટે ન્યૂનતમ ગુણવત્તા ધોરણ ૪૦% રાખવામા આવેલ છે. તેમાં કોઈપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતાં ઓછું ન્યૂનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઈપણ સંજોગોમાં નક્કી કરી શકશે નહીં. પરિક્ષાના Part-A અને Part-Bમાં ન્યૂનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) મેળવીને કુલ ગુણના આધારે કુલ જગ્યાના આશરે બેગણા ઉમેદવારોને પ્રમાણપત્રોની ચકાસણી માટે સંસ્થા દ્વારા લાયક (ક્વોલિફાય) ગણવામાં આવશે

(૪) જે તે સંવર્ગની જાહેરાત અન્વયે સંસ્થા દ્વારા તે સંવર્ગની (MCQ) પધ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા લેવામાં આવશે.

(૫) MCQ પદ્ધતિમાં ખોટા જવાબ આપવાના સંજોગોમાં પ્રશ્નને ફાળવેલ માર્કના ¼ માર્કસ ઓછા કરવામાં આવશે. એટલે કે નેગેટિવ માર્કિંગ પધ્ધતિ અપનાવવામાં આવશે.

(૬) કોઈ કારણસર પ્રશ્ન રદ કરવામાં આવે તો, તેવા સંજોગોમાં રદ થયેલ પ્રશ્નના ગુણની બાકી રહેલ પ્રશ્નના ગુણભારમાં પ્રો-રેટા (Pro-Rata) મુજબ ગણતરી કરવામાં આવશે.

## ૧૨. ઉમેદવારો માટે અગત્યની વિશેષ સૂચનાઓ:-

(૧) ઉમેદવારે અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમા રજૂ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબક્કે "રદ" ગણવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં જે ફોટો રજૂ કરે છે તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટોની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરી પત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજૂ કરવાની રહેશે.)

(૩) ઉમેદવાર અરજી પત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ રાખવો. અરજી પત્રકમાં દર્શાવેલ મોબાઈલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો આપના હિતમાં છે. ભરતી સંબંધેની તમામ સૂચનાઓ કોલેજની વેબસાઇટ www.pgscience.ac.in ઉપર મૂકવામાં આવશે. માટે કોલેજની વેબસાઇટ અચૂક જોતાં રહેવું.

(૪) ઉમેદવારે અરજી પત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલ જરૂરી પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલૂમ પડશે તો તેની સામે યોગ્ય

કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારોની ઉમેદવારી સંચાલક મંડળ “રદ” કરી શકશે. તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમણૂક થયેલ હશે તો પસંદગી/નિમણૂક, સંચાલક મંડળ/નિમણૂક કરનાર સતાધિકારી દ્વારા કોઈપણ તબક્કે “રદ” કરવામાં આવશે.

(૫) સંચાલક મંડળ દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉતીર્ણ થવાથી જ ઉમેદવારોને નિમણૂક માટેનો હક્ક મળી જતો નથી. નિમણૂક સમયે સતાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય અને ત્યારબાદ સરકારશ્રીની પૂર્વ મંજૂરી મળ્યા બાદ જ ઉમેદવારોને નિમણૂક આપવામાં આવશે.

(૬) પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂક સતાધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણૂક મેળવવાને પાત્ર થશે.

(૭) ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણોસર સંબંધિત જગ્યા ઉપર નિમણૂક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં. નિમણૂક કરનાર સતાધિકારીને પોતાને એવી ખાત્રી થાય કે જાહેર સેવા સારું ઉમેદવાર યોગ્ય જાણતો નથી તો તેને પડતો મુકી શકશે. નિમણૂક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

(૮) ભરતી પ્રક્રિયા ગુજરાત મુલ્કીસેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો – ૧૯૬૭ (વખતો વખત સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતી નિયમોને આધીન રહેશે.

(૯) આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઊભી થાય તો તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને મંડળ આ માટે “કારણો” આપવા બંધાયેલ નથી.

તારીખ:

સ્થળ: બારડોલી

આચાર્ય

ધી પાટીદાર જીન સાયન્સ કોલેજ,બારડોલી